INDIA NON JUDICIAL

Government of Gujarat

Certificate of Stamp Duty

सत्यमेव जयते

NOTARY * S. K. MEHTA * JUNAGADH GUJ. Regn. No. 12990/17 Valid up to 10/2/2027 GOVERNMENT OF INDIA

Certificate No.	:	IN-GJ64786860565585U
Certificate Issued Date	:	26-May-2022 11:11 AM
Account Reference	:	IMPACC (SV)/ gj13216804/ JUNAGADH1/ GJ-JU
Unique Doc. Reference	:	SUBIN-GJGJ13216804610852976588 57U
Purchased by	:	KISHAN VRAJLAL VORA
Description of Document	:	Article 5(h) Agreement (not otherwise provided for)
Description	:	TRUST REGISTER
Consideration Price (Rs.)	:	0 (Zero)
First Party	:	KISHAN VRAJLAL VORA
Second Party	:	Not Applicable
Stamp Duty Paid By	:	KISHAN VRAJLAL VORA
Stamp Duty Amount(Rs.)	:	300 (Three Hundred only)

Serial No. 1893
Book No. 16
Page No. 81
Receipt No. 1893
Dated 08 JUN 2022

C. I. TANNA ACC-JUNAGADH

સ્ટેમ્પ વેન્ડર

President
Lilavanti Education & Medical Charitable Trust - Junagadh.

JD 0003235025

Statutory Alert:
1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

નકલ માટે અરજી કરનારનું નામ... કે.વી.ચંદારાણા
નકલ તૈયાર કર્યા તારીખ... 26/5/2022
નકલ પુરી પાડ્યા તારીખ... 31/5/2022
જેને નકલ આપવામાં આવી હોય તેનું નામ... વ્રજ કિરણ ત્રાપ
અધિકૃત
સરદેશ દસ્તોની નોંધણી કચેરી

રાબેતા મુજબ
નકલ ફી રૂા. 22
મુદ્રાંક ફી રૂા. -
કોરાણ ખર્ચ રૂા. 9/-
કુલ રૂા. 33/-

Serial No. 1893
Book No. 16
Page No. 81
Receipt No. 1893
Dated 08 JUN 2022

પ્રથમ પક્ષકાર યાને સેટલર :-

વોરા કિશનભાઇ વૃજલાલ

ઉ.વ.આ. - ૬૧, ધંધો - નિવૃતિ,

રહેવાસી - ૧૩, રાજમોતી સોસાયટી, ''હરિધામ'' અક્ષર મંદિર સામે, વંથલી રોડ, જુનાગઢ.

S. K. MEHTA ADVOCATE & NOTARY B.A.,LL.B. JUNAGADH GUJARAT

તથા

NOTARY S. K. MEHTA JUNAGADH GUJ. Regn. No. 12990/17 Valid up to 10/2/2027 GOVERNMENT OF INDIA

બીજા પક્ષકાર યાને ટ્રસ્ટીઓ :-

૧. વોરા કિશનભાઇ વૃજલાલ

ઉ.વ.આ. - ૬૧, ધંધો - નિવૃતિ,

રહેવાસી - ૧૩, રાજમોતી સોસાયટી, ''હરિધામ'' અક્ષર મંદિર સામે, વંથલી રોડ, જુનાગઢ.

૨. વોરા અલ્કાબેન કિશનભાઇ

ઉ.વ.આ. - ૫૪, ધંધો - લાઇફ એડવાઇઝર,

રહેવાસી - ૧૩, રાજમોતી સોસાયટી, ''હરિધામ'' અક્ષર મંદિર સામે, વંથલી રોડ, જુનાગઢ.

૩. સેજલબેન ભરતભાઇ મેસીયા

ઉ.વ.આ. - ૪૭, ધંધો - ગૃહીણી,

રહેવાસી - ''મહાદેવ'' પ્લોટ-૩, પ્રમુખનગર, દિપાંજલી-૨, કે.વી.એમ. સ્કુલ પાસે, મેઇન રોડ, ટીંબાવાડી, જુનાગઢ.

૪. અમીબેન વિજયભાઇ ભટ્ટ

C/O વિજયભાઇ પી. ભટ્ટ

ઉ.વ.આ. - ૨૫, ધંધો - ગૃહીણી,

રહેવાસી - સ્વપ્નલોક રેસીડેન્સી, બ્લોક નં. - ૧૧૧, રૈયારોડ, રાજકોટ

આંક : ૨૧૧૧
નો.અ.નં. : ૯૫૦/૨૦૨૨
તારીખ : ૨૨/૦૬/૨૦૨૨
અધિક્ષક

૫. વ્યાસ ડેનિશ રમેશભાઇ

C/O વ્યાસ રમેશભાઇ

ઉ.વ.આ. - ૩૨, ધંધો - નોકરી,

રહેવાસી - જય જલ્યાણ, સુભાષ નગર, ખલીલપુર રોડ, જોષીપુરા, જૂનાગઢ.

૬. ભટ્ટ સુનીલભાઇ જનસુખરાય

ઉ.વ.આ. - ૬૧, ધંધો - નિવૃત,

રહેવાસી - વણઝારી ચોક, વેસ્ટ હાઉસ એપાર્ટમેન્ટ સામે, જુનાગઢ.

President Lilavanti Education & Medical Charitable Trust - Junagadh.

સાવલીયા ધનજીભાઇ પુંજાભાઇ
ઉ.વ.આ. - ૬૪, ધંધો - નિવૃત,
રહેવાસી - ૨૫, દ્રાક્ષ શુભમ રેસીડેન્સી, મોતીબાગ રોડ, જુનાગઢ.

હવે પછી પ્રથમ પક્ષકાર - સેટલર કિશન વૃજલાલ વોરા આ ટ્રસ્ટ ડીડમાં સેટલર તરીકે ઓળખાશે.

અમો પક્ષકારને ઘણા સમયથી શૈક્ષણિક, મેડીકલ અને સામાજિક ક્ષેત્રે સમાજ સેવા કરવાની ઈચ્છા હતી તે મુજબ આજરોજ અમોએ એક સાર્વજનીક ટ્રસ્ટની રચના કરેલ છે. અને તે માટે સેટલર તેમની અંગત માલીકીના રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર હજાર પુરા) બીજા પક્ષકારોને સોંપેલ છે. હવે તે રકમ ઉપર અમારો કે અમારા વંશ, વાલી, વારસોને કોઈ હકક હિસ્સો રહેતો નથી. આ ટ્રસ્ટના નિયમો નીચે મુજબ છે.

૧. ટ્રસ્ટનું નામ :-

લીલાવંતી એજ્યુકેશનલ અને મેડીકલ ચેરીટેબલ ટ્રસ્ટ - જુનાગઢ

૨. કાર્યાલય :-

આ ટ્રસ્ટનું કાર્યાલય તથા મુખ્ય મથક નીચેના સરનામે હાલ પુરતુ રહેશે.
''હરીધામ'' ૧૩, રાજમોતી સોસાયટી,
અક્ષર મંદીર સામે, વંથલી રોડ, જુનાગઢ.

૩. કાર્યક્ષેત્ર :-

આ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારત વર્ષ રહેશે.

૪. હેતુઓ :

સંસ્થાના નીચેના હેતુઓનો અમલ કોઈપણ નાત, જાત કે ધર્મના ભેદભાવ વિના કરવામાં આવશે. સદર હેતુઓ સરકારશ્રીની તથા કાયદાની પ્રવર્તમાન જોગવાઈઓ અન્વયે મેળવવાપાત્ર પૂર્વ પરવાનગી મેળવીને હેતુઓ અનુસાર કામગીરી કરવામાં આવશે.

૧. શિક્ષણ અને કેળવણી માટેની તમામ પ્રવૃતિઓ કરશે. જેના માટે બાલ મંદિર, પ્રાથમિક શાળા, કોલેજો, ટેકનીકલ, બીનટેકનીકલ કોલેજો, આશ્રમશાળા, વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલ વિગેરે સંસ્થાઓ ઉભી કરવી અને નિભાવવી. તથા અન્ય કોઈપણ શિક્ષણના વિકાસ માટે જરૂરી હોય તેવી સંસ્થા ને ટ્રસ્ટની જોગવાઈ મુજબ દાન આપવું.

President & Medical
Lilavanti Education
Charitable Trust - Junagadh.

૨. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓના અને સમાજના લાભ માટે ખાદ્ય પદાર્થો, કપડા, તબીબી સહાય, સ્ટેશનરી, વાહન વ્યવહાર, પ્રયોગશાળા, વાંચનાલયો, હોસ્ટેલ, પ્લેગ્રાઉન્ડ અને બીજી તમામ સગવડો ઉભી કરવી.

૩. વિદ્યાર્થીઓના માનસિક અને બૌદ્ધિક વિકાસ તેમજ સંસ્કારિક વિકાસ માટે આદ્યાત્મિક પુસ્તકોનું વાંચન મળે તે માટે વાંચનાલય શરૂ કરવું અને ચલાવવું. મેડીકલ, ટેકનોલોજીનો ઉપયોગ કરવો.

૪. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ તથા ઉમંગ જળવાય તે માટે જરૂરી સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવી અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે જરૂરી માર્ગદર્શન આપવું તથા આ બાબતમાં જરૂરી ઇનામોની વહેંચણી કરવી.

૫. વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્ય તથા શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, વિકાસ અંગેની વિવિધ પ્રકારની રમત-ગમતની પ્રવૃત્તિઓ કરવી તથા આ પ્રકારની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું.

૬. જાગૃતિ કાર્યક્રમ પુખ્તવયના શિક્ષણવર્ગ, લેકચર્સ, નિબંધ સ્પર્ધા, પ્રદર્શનો, પરીસંવાદો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સેમીનાર દ્વારા ભાષાકીય, સાંસ્કૃતિક અને અન્ય કોઇપણ પ્રકારની સામાજીક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું.

૭. અનાથઆશ્રમ, સહાય કેન્દ્ર, વૃદ્ધાશ્રમ, આશ્રમશાળા, સેનેટોરીયમ, નારી સંરક્ષણ ગૃહ ચલાવવા તેમજ લોક કલ્યાણની તથા આદ્યાત્મિક પ્રવૃત્તિઓ કરવી અને આવી પ્રવૃત્તિ કરતા લોકોને આર્થિક, સામાજિક અને તમામ રીતે મદદરૂપ થવું / સહાય કરવી.

૮. માનવ રાહત પ્રવૃત્તિઓને વેગ આપવો, કુદરતી આફત વખતે રાહત કાર્યો કરવા, ચલાવવા તથા જનકલ્યાણ અર્થે અન્ય પ્રવૃત્તિઓ કરવી.

૯. મફત મેડીકલ ચેકઅપ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, દવાખાનાઓ, હોસ્પિટલો, નર્સિંગ હોમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટરો, પ્રાથમિક સારવાર કેન્દ્ર શરૂ કરવા અને નિભાવવા કે આવી સેવાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવું તેમજ લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી.

૧૦. રકતદાન શિબિર, નેત્રદાન/ચિકિત્સા શિબિર, દંત ચિકિત્સા શિબિર, રોગનિદાન શિબિર, શારીરિક ચિકિત્સા શિબિર, યોગ શિબિર વિગેરે જેવી વૈદકિય શિબિરોનું આયોજન કરવું તથા ગરીબ અને જરૂરિયાતમંદોને રાહત દરે દવાઓ પુરી પાડવી તેમજ હોસ્પિટલનાં બીલ અંગેની ચુકવણી કરવી.

૧૧. લોકોના સ્વાસ્થ્ય તથા શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક વિકાસ અંગેની વિવિધ પ્રકારની કાયદા માન્ય રમતગમતની પ્રવૃત્તિઓ કરવી.

૧૨. સમાજનાં નિરાધાર, ત્યકતા, બિનઆશ્રિત વૃદ્ધો, મહિલાઓ, બાળકો,

અપંગો, વિકલાંગો માટે યોગ્ય સહાય અને રહેઠાણની વ્યવસ્થા કરવી તેમજ તેમના શૈક્ષણિક વિકાસ માટેના કાર્યો કરવા તથા આરોગ્યલક્ષી સહાયતા કરવી.

૧૩. આ ટ્રસ્ટની મર્યાદામાં રહીને અબોલ પશુ-પક્ષીઓ વિગેરે માટે ગૌશાળાઓ, ચબુતરા, પક્ષીઘર વિગેરે બનાવવા તથા તેમના ખોરાક માટે ઘાસચારો, ખાણ-દાણ તથા કેટલ વિગેરેની વ્યવસ્થા કરવી, કરાવવી તથા તેમના સારા આરોગ્ય માટે પશુ ચિકિત્સાલયોમાં જરૂરી તમામ સહાય પુરી પાડવી અને નિભાવવા.

૧૪. યુવાનો અને યુવતીઓ જ્ઞાન, વિજ્ઞાન, કલા, કારીગરી, સંગીત, સાહિત્ય, સંસ્કૃતિ વિગેરેની દેશ-વિદેશનાં નાગરિકો જોડે આંતરરાષ્ટ્રીય સ્તરે જ્ઞાન શિબિર યોજવી તે અંગે પત્રો લખવા, પ્રયત્નો કરાવવા તેમજ સાંસ્કૃતિક વિકાસને લગતી તમામ પ્રવૃત્તિઓ કરવી.

૫. ટ્રસ્ટીમંડળ : કારોબારી – સમિતિ :-

૧. ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૭ (સાત) અને વધુમાં વધુ ૯(નવ) રહેશે. હાલ સાત ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવેલ છે. ભવિષ્યમાં જરૂર પડયે ચાલુ ટ્રસ્ટીઓ વધુ ટ્રસ્ટીઓની નિમણુંક કરી શકશે.

૨. આ ટ્રસ્ટડીડ મુજબ શ્રી કિશનભાઈ વોરા આજીવન પેટ્રેન ટ્રસ્ટી તરીકે કાર્ય કરશે. આજીવન ટ્રસ્ટી તેમની હયાતીમાં નોમીનેશનથી લેખીતમાં તેમના પછી આવનાર ટ્રસ્ટીનું નામ જણાવી શકશે. અને કોઈપણ સંજોગોવસાત આજીવન ટ્રસ્ટી અસમર્થ થાય તો યા અવસાન થાય તો તેમની જગ્યાએ તેઓ કામ કરશે. અને તે પણ આજીવન ટ્રસ્ટી તરીકે પ્રમુખ ટ્રસ્ટી થશે અને કામ કરશે. તથા તે સીવાયના તમામ ટ્રસ્ટીઓની મુદત ૧ વર્ષની રહેશે અને તેમાંથી હોદેદારોની પણ નિમણુંક થશે. અને તેમની મુદત પણ ૧ વર્ષની રહેશે. તથા તેઓ માંથી કોઇ કાર્ય કરવામાં અસમર્થ થાય યા અવસાન થાય તો તેમની જગ્યાએ સમાજની લાયક વ્યકિત માંથી તેવી ખાલી જગ્યા પુરી શકશે.

૬. હોદેદારો :-

આજીવન ટ્રસ્ટી પ્રમુખ તરીકે કાર્ય કરશે બાકી નીચે જણાવેલ હોદેદારોની નિમણુંક ટ્રસ્ટીઓમાંથી કરી કરશે અને તેમના હોદાની મુદત ૧ (એક) વર્ષની રહેશે. નીચે મુજબના હોદેદારોની નિમણુંક કરી શકશે.

ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી

President & Medical
Lilavanti Education
Charitable Trust - Junagadh.

૭. ટ્રસ્ટીપદનો અંત :-

૭.૧ ટ્રસ્ટીનું અવસાન થાય તો.

૭.૨ ટ્રસ્ટી કોઈ કારણસર રાજીનામું આપે તો.

૭.૩ કોઈપણ નામદાર સીવીલ કોર્ટ અથવા સક્ષમ સત્તા દ્વારા નાદાર જાહેર થાય તો અથવા ટ્રસ્ટી કોઈ કારણસર નાદારી નોંધાવે તો.

૭.૪ ગુજરાત પબ્લીક ટ્રસ્ટ અધિનિયમની કલમ ૪૭ મુજબ જો કોઈ ટ્રસ્ટી છ મહિનાથી વધારે સમય સુધી ચેરિટી કમિશ્નરશ્રી / મદદનીશ ચેરિટી કમિશ્નરશ્રીની પુર્વ મંજુરી વગર ભારત બહાર વિદેશમાં વસવાટ કરેતો તેવા સંજોગોમાં તેનાં ટ્રસ્ટીપદનો અંત આવશે.

૭.૫ સક્ષમ કોર્ટ મારફત ઈન્ડિયન પીનલ કોડની જોગવાઇ મુજબ જો કોઇ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવેલ જાણાય તો તેવા સંજોગોમાં ટ્રસ્ટીપદનો કાયમી અંત આવશે.

૭.૬ નિયમીતરીતે સભ્ય ફી ન ભરે તો ટ્રસ્ટી પદેથી દુર કરી શકાશે.

૭.૭ ટ્રસ્ટના નિયમોનું તેમજ ઉદ્દેશ્યોનું અને કારોબારી સમીતીમાં વખતો વખત ઘડાયેલ માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરતો જાણાય તેમજ તેમ કરવા બીજાને ઉશ્કેરેતો જાણાય તો તેમનું ટ્રસ્ટીપદ આપોઆપ રદ થશે.

૮. અનુગામી ટ્રસ્ટીની નિમણુંક :-

જો કોઈ હોદ્દેદારનું મુદત દરમ્યાન અવસાન થાય, તેઓ ટ્રસ્ટમાંથી છુટા થાય, રાજીનામું આપે, કામ કરવા ના પાડે, અશકત થાય, વૃદ્ધાવસ્થા, ગાંડપણ યા અસ્થિર મગજની સ્થિતિને કારણે અગર બિમારીને કારણે યા અન્ય કોઈ કારણે કામ કરવા અશક્તિમાન અથવા શારીરિક કે માનસિક કારણોસર જો કોઈ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો તેવી ખાલી પડેલી જગ્યા કારોબારી સમિતિ બહુમતીથી ઠરાવ કરી અનુગામી ટ્રસ્ટીની નિમણુંક કરશે અને નિમણુંક થયેથી તે ટ્રસ્ટી બંધારણ મુજબની સત્તા અને ફરજો પ્રત્યે બંધારણની જોગવાઈને આધિન જવાબદાર રહેશે.

૯. પ્રમુખની ફરજો :-

૧. પ્રમુખની સંસ્થાની તમામ મિટીંગો, સભા, અસાધારણ સભા વિગેરે બેઠકોનું સંચાલન તથા નિરીક્ષણ કરશે.

૨. ટ્રસ્ટી મંડળ બોર્ડની સભામાં પ્રમુખ તરીકે સ્થાપન કરશે.

૩. ટ્રસ્ટીની સભા બોલાવવા મંત્રીશ્રીને હુકમ કરશે.

૪. પ્રમુખશ્રી સંસ્થાને રોજ-બરોજના કાર્યોનું સંચાલન, નિરીક્ષણ કરશે તથા જરૂરી સલાહ-સુચન આપશે.

Lilavanti Education & Medical Charitable Trust - Junagadh.
President

૫. સંસ્થાના હેતુ પાર પાડવા માટે તથા સંસ્થાના હીત માટે ટ્રસ્ટસંસ્થાના બંધારણની મર્યાદામાં રહીને જો કોઈ કાર્ય કરવાની જરૂરત ઉભી થાય તે મુજબ કાર્ય કરશે.

૬. ટ્રસ્ટીની કોઈપણ સભામાં સરખા મત થાય તો પ્રમુખશ્રીને વધારાનો એક મત આપવાનો અધિકાર રહેશે.

૭. કોઈપણ સભાનું કયુ કામ પહેલું લેવું તે રૂલીંગ આપી શકશે અને પ્રમુખશ્રીનો નિર્ણય છેવટનો રહેશે.

૮. કાર્યસુચીમાં જણાવેલ કામો કોઈપણ દાખલ કરવા કે નહીં તેનો નિર્ણય લઈ શકશે.

૯. ટ્રસ્ટનું વાર્ષિક નિવેદન તૈયાર કરી સભામાં રજુ કરશે.

૧૦. ટ્રસ્ટના તમામ પ્રકારના હિસાબી ચોપડાઓ રખાવશે અને લખાવશે.

૧૧. સંસ્થાનું તમામ રેકર્ડ તેમના હસ્તક રહેશે.

૧૨. નાણાંકીય લેવડ-દેવડ કરવા માટે ટ્રસ્ટ વતી સહી કરવાની સત્તા રહેશે.

૧૩. ટ્રસ્ટવતી દસ્તાવેજો કરવા-કરાવવા અગર રજીસ્ટ્રેશન કરાવવાની સત્તા રહેશે.

૧૪. ટ્રસ્ટનાં હેતુઓનાં અમલ માટે ટ્રસ્ટની મિલ્કતો વેચવી, ખરીદવી, બક્ષીસ લેવી, ગીરો મુકવાનો જે તે સમયનાં કાયદાને આધિન રહી કરવામાં આવશે.

૧૦. ઉપપ્રમુખની ફરજો :-

પ્રમુખને તેમના કાર્યમાં મદદ કરશે તથા તેમની અવેજીમાં (ગેરહાજરીમાં) પ્રમુખનાં તમામ અધિકારો ભોગવી શકશે.

૧૧. મંત્રીની ફરજો :-

૧. ટ્રસ્ટી મંડળ તથા પ્રમુખના આદેશો અને માર્ગદર્શન હેઠળ સંસ્થાનું તમામ કામકાજ સંભાળશે.

૨. સંસ્થાની મિલ્કતોનો વહીવટ કરશે.

૩. સંસ્થાની મીનીટબુકની જાળવણી કરશે. તમામ વ્યવહાર સંભાળશે.

૪. બેઠકની કાર્યવાહીની નોંધ રાખશે તેમજ બેઠક અંગે અન્ય ટ્રસ્ટીઓને માહિતગાર કરશે.

૫. સમયાંતરે જરૂરી જણાય તો ટ્રસ્ટની મર્યાદાને અનુરૂપ ટ્રસ્ટનાં બંધારણમાં જરૂરી જણાય તેવા ફેરફારનું સુચન કરશે.

૬. બેઠકનો સમય, સ્થળ અને તારીખ નકકી કરી અન્ય ટ્રસ્ટીને જાણ કરશે.

૭. ટ્રસ્ટની મીનીટબુક તેમજ ઠરાવ બુકમાં કાર્યવાહીની નોંધ કરશે.

President & Medical
Lilavanti Education
Charitable Trust - Junagadh.

૧૨. ખજાનચીની ફરજો :-

૧. આ ટ્રસ્ટની તમામ નાણાકીય બાબતો તેમજ જરૂરી નાણાં વિષયક વ્યવસ્થાઓ માટે ટ્રસ્ટી મંડળ બહુમતીએ ઠરાવી એક ખજાનચીની નિમણુંક કરશે.

૨. ટ્રસ્ટની તમામ આવક - જાવકનો હિસાબ તે યોગ્ય રીતે રાખશે. અને તે અંગે ટ્રસ્ટનાં પ્રમુખને માહિતગાર કરશે.

૩. ટ્રસ્ટની પહોંચ-બુક, વાઉચર બુકો, બીલ બુકો, બેંકની પાસબુકો, ચેકબુકો અને જો ટ્રસ્ટની કોઇ ફીક્સ ડીપોઝીટની રસીદો હશે તો તે તમામ દસ્તાવેજોની યોગ્ય રીતે જાળવણી કરશે.

૪. રોકડ દાન તથા અન્ય રીતે મળેલી આવકને તે ટ્રસ્ટનાં એકાઉન્ટમાં જમા કરાવશે તેમજ ખર્ચનો યોગ્ય હિસાબ તે રાખશે.

૫. ટ્રસ્ટનાં બેંક એકાઉન્ટની લેવડ-દેવડ માટે પ્રમુખશ્રી, અને ખજાનચીની સહીથી લેવડ-દેવડ ચાલશે.

૬. ટ્રસ્ટનાં વાર્ષિક હિસાબોનું દર વર્ષે ઓડીટ કરાવશે અને આવો ઓડીટ થયેલો હિસાબ વર્ષનાં અંતે કારોબારી મીટીંગમાં મંજુર કરાવશે.

૭. દર વર્ષે થયેલ ઓડીટ રીપોર્ટની અલગ યાદી રાખશે અને જયારે જરૂરિયાત ઉભી થાય ત્યારે આ રીપોર્ટ મદદનિશ ચેરિટી કમિશ્નરશ્રીને મોકલશે.

૧૩. ઠરાવો :-

૧. સામાન્યતઃ ટ્રસ્ટી મંડળની બેઠકનાં ઠરાવો બહુમતીથી થશે. તેમજ નીચે પ્રમુખશ્રીની સહી થશે.

૨. ઠરાવો ટ્રસ્ટી મંડળની બેઠકમાં કરવામાં આવશે અને તેની ઠરાવબુકમાં નોંધ થશે.

૧૪. એજન્ડા નોટ :-

૧. બેઠક કાર્યવાહી નોંધની યાદી અલગ ફાઇલમાં રાખવામાં આવશે.

૨. દરેક સભ્યને બેઠકની કાર્યવાહીનાં સમય, સ્થળ અને તારીખ અને કાર્યવાહીની નોંધ સાથેની એક યાદી બેઠકનાં પાંચ દિવસ પહેલા દરેક ટ્રસ્ટીને મળે તે રીતે મોકલવામાં આવશે અને આ યાદી દરેક ટ્રસ્ટીને બંધનકર્તા રહેશે.

૩. જો કારોબારી સમિતી નકકી કરશે તો સભ્યોને મૌખિક સૂચનાથી બોલાવી શકાશે.

President
Lilavanti Education & Medical
Charitable Trust - Junagadh.

૧૫. ટ્રસ્ટની આવક :-

૧. ટ્રસ્ટની આવકનાં સ્ત્રોતમાં રોકડ રકમ, દાન, બક્ષીસ વગેરે રહેશે.

૧૬. બેંક એકાઉન્ટ :-

૧. આ ટ્રસ્ટનું એક બેંક એકાઉન્ટ ટ્રસ્ટનાં નામે રહેશે.

૨. ટ્રસ્ટ દ્વારા કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં આ ટ્રસ્ટનાં નામે બેંક એકાઉન્ટ રાખવામાં આવશે. રાષ્ટ્રીયકૃત બેંક સિવાય અન્ય કોઈ પણ જગ્યાએ ટ્રસ્ટની જંગમ મિલકતનું રોકાણ થઈ શકશે નહીં.

૩. ટ્રસ્ટનું તમામ ભંડોળ અને જંગમ મિલકત ટ્રસ્ટનાં નામે રહેશે.

૪. ટ્રસ્ટનાં બેંક ખાતાનાં વહીવટ માટે તેમજ લેવડ દેવડ માટે ટ્રસ્ટી મંડળ બહુમતીએ નકકી કરે તે પૈકી કોઈ પણ ૨(બે) ટ્રસ્ટીઓની સહીથી લેવડ દેવડ કરી શકાશે. જેમાં સંસ્થાનાં પ્રમુખશ્રીની સહી ફરજિયાત રહેશે.

૧૭. હિસાબી વર્ષ :-

૧. આ સંસ્થાનું હિસાબી વર્ષ ૧ એપ્રીલથી ૩૧ માર્ચનાં રોજ પુરૂ થાય તેમ રાખવામાં આવશે.

૧૮. ટ્રસ્ટનું વિસર્જન :-

૧. ભવિષ્યનાં કોઈપણ અસાધારણ સંજોગોમાં ગમે ત્યારે આ ટ્રસ્ટને બંધ કરવાનો અથવા તો વિસર્જન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સદરહુ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ બહુમતીથી સમાન હેતુ વાળા ટ્રસ્ટને આ ટ્રસ્ટ સોંપી શકશે અને તે માટે સૌ પ્રથમ ટ્રસ્ટની જવાબદારીઓ પુરી કરવામાં આવશે.

૨. ટ્રસ્ટ બંધ થયે જો કોઈ મિલકત વધે તો ટ્રસ્ટીઓ અંગત વપરાશમાં લઈ શકશે નહીં. પરંતુ સમાન હેતુ વાળા ટ્રસ્ટમાં તબદિલ કરશે.

૩. આ સંસ્થાનાં કોઈ સભ્ય કે હોદેદારોએ ટ્રસ્ટમાં પોતાનાં અંગત નાણાનું રોકાણ કરેલ હશે તો ટ્રસ્ટ બંધ થવાનાં સમયે તે સંસ્થા પાસેથી પરત મેળવી શકશે.

૪. ટ્રસ્ટનાં લાભો અંગત રીતે કોઈ ટ્રસ્ટી કે તેનાં પરિવારજનો મેળવી શકશે નહીં.

૫. કોઈ બેન્કર વ્યકિત કે અન્ય કોઈ વ્યકિતની ભૂલ માટે ટ્રસ્ટી કે ટ્રસ્ટી મંડળ જવાબદાર ગણાશે નહીં પરંતુ ટ્રસ્ટી મંડળ આવી વ્યકિત સામે કાયદેસરનાં પગલા ભરી શકશે.

Lilavanti Education & Medical Charitable Trust - Junagadh.
President

સદરહુ દસ્તાવેજ અમો સેટલરોએ શુધ્ધ બુધ્ધિથી, શારીરિક – માનસિક સભાન અવસ્થામાં વાંચી, વિચારી અને સમજીને કરેલ છે. અને એક ટ્રસ્ટી દરજ્જો સ્વિકારેલ છે. અને તે બદલ આ દસ્તાવેજોમાં અમોએ નીચે સહી કરેલ છે.

૧. વોરા કિશનભાઈ વૃજલાલ _____

૨. વોરા અલ્કાબેન કિશનભાઈ _____

૩. સેજલબેન ભરતભાઈ મેસીયા Sejal B. Mesiya

૪. અમીબેન વિજયભાઈ ભટ્ટ A.V.Bhatt

૫. વ્યાસ ડેનિશ રમેશભાઈ _____

૬. ભટ્ટ સુનીલભાઈ જનસુખરાય _____

૭. સાવલીયા ધનજીભાઈ પુંજાભાઈ _____

સાક્ષીની સહી

૧. કલ્પેશભાઈ વિનયકાંત મહેતા _____

૨. રાહુલભાઈ ગોવિંદભાઈ મકવાણા _____

President
Lilavanti Education & Medical
Charitable Trust - Junagadh.

આ સાથે ખાતરી આપું છું કે તમામ ટ્રસ્ટીઓએ મારી રૂબરૂ આ લખાણમાં સહીઓ કરેલ છે.

આજ રોજ તારીખ ૮/૬/૨૨..... માહે...જુન..... ૨૦૨૨

સ્થળ : જૂનાગઢ

તારીખ :

પ્રમુખશ્રી

લ.ધ.વ.

પુનિત યુ. કચ્છી

(એડવોકેટ)

ગુજરાત હાઈકોર્ટ

(જી ૫૩૮/૨૦૧૨)

0 8 JUN 2022

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARY
S. K. MEHTA
JUNAGADH GUJ.
Regn. No. 12990/17
Valid up to 10/2/2027
GOVERNMENT OF INDIA

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

SIGNED BEFORE ME

(S. K. MEHTA)
NOTARY
GOVT. OF INDIA
JUNAGADH (GUJARAT)

0 8 JUN 2022

આ નકલ નોટરી દ્વારા કરવામાં આવેલ પ્રમાણીત / એટેસ્ટેડ ઉપરથી કાઢી આપવામાં આવેલ છે.

TRUE COPY

(S. K. MEHTA)
NOTARY
GOVT. OF INDIA
JUNAGADH (GUJARAT)

President
Lilavanti Education & Medical
Charitable Trust - Junagadh.

B.A.,LL.B.
JUNAGADH GUJ.

નકલ કર્તાનું

હસ્તાક્ષર કર્યાની

મુજબ છે.

આથી કાયદેસર આપવામાં આવે છે કે
આ નકલ મારી તા. 3 K /૨૦૨૨

આવેદક

વકીલ દસ્તાવેજની નોંધણી કરનાર

જૂનાગઢ